૨(અ)

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૭-૧૦-૯૯ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

**************

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૧-૮-૯૯ ના પત્ર નં.સીમીસ./૮/૨૨ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાની હદમાં સુચિત મુસદારૂપ નગર રચના યોજના સુરત નં.૪૭ (ભેસ્તાન)ને તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૪૭ (ભેસ્તાન) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તેમજ સદર અધિસુચનને સ્થાનિક દૈનિકપત્રોમાં બહોળો ફેલાવો કરવા એક એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૬૨/'૯૯ સર્વાનુમતે મંજુર.</u>

MC/SMC

સ. ર. મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૨૦-૧૦-૯૯.

Inward No. ૨૯૯
DOP
Date ૨૫/૧૦/૯૯